### ચરોતર પંથકમાં કાળઝાળ ગરમીના લીધે પશુપક્ષીઓની હાલત પણ કફોડી બની

# લોકો કાળઝાળ ગરમીથી ત્રાહિમામ પોકારી ઊઠયા, મહત્તમ તાપમાન 42.5 ડિગ્રી

**સતત બે** દિવસથી તાપમાનનો પારો ઉંચે રહેતા સનસ્ટ્રોકની અસર હેઠળ પણ સંખ્યાબંધ લોકો આવી ગયા

(પ્રતિનિધિ) આણંદ તા 11

આણંદ, ખેડા અને મહિસાગર જિલ્લામાં છેલ્લા બે દિવસથી તાપમાનનો પારો 42 ડીગ્રી સેન્ટીગ્રેડથી વધુ ઉંચે જતાં જીલ્લા મથક આણંદ સહિત સહિત સમગ્ર જિલ્લામાં લોકો કાળઝાળ ગરમીથી ત્રાહિમામ પોકારી ઊઠયા છે.

ચરોતરમાં તાપમાનનો પારો સોમવારે સતત બીજા દિવસે 42.5 ડીગ્રી સેન્ટીગ્રેડે પહોંચતા જીલ્લામાં ગરમીથી સમગ્ર જનજીવનને વ્યાપક અસરો થવા પામી છે.



નડિયાદમાં ગરમીના પ્રકોપ વચ્ચે સ્વામિના. મંદિરમાં હરિકૃષ્ણ મહારાજને દરરોજ ચંદનના લેપ અને વાઘા ધરાવવામાં આવે છે. **તસવીર : જશવંતસિંહ રાઠોડ**

સવારથી જ સુરજદેવ રૌદ્ર સ્વરૂપ ધારણ કરે છે. આકાશમાંથી સતત અગનગોળા વરસાવતા સુરજદાદાથી લોકો ત્રાહિમામ પોકારી ઊઠયા છે. બપોરે જીલ્લાના ધોરીમાર્ગ સહિત અંતરીયાળ માર્ગો પણ ભેંકાર ભાસે છે. બજારો પણ ગ્રાહકો વિનાના ઉજ્જડ દેખાઈ રહ્યા છે. અંગ દઝાડતી ગરમીથી બચવા મોડી સાંજ સુધી લોકો ઘરની બહાર નીકળવાનું પસંદ કરતા નથી. સરકારી ઓફિસોમાં પણ લોકોની અવરજવર નહીંવત દેખાય છે. ગરમીના લીધે પશુપક્ષીઓની હાલત પણ કફોડી બની છે. પશુપક્ષીઓ પણ તેઓના આશ્રય સ્થાનમાં જ રહેવાનું પસંદ કરે છે. તેઓની ચહલપહલ પણ દેખાતી નથી સતત બે દિવસથી તાપમાનનો પારો ઉંચે રહેતા સનસ્ટ્રોકની અસર હેઠળ પણ સંખ્યાબંધ લોકો આવી ગયા હોવાનું જાણવા મળે છે.

આણંદ જિલ્લાના વિવિધ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ગરમીથી રાહત મેળવવા અનેકવિધ પ્રયાસો કરી રહ્યા છે. ગરમીથી રાહત મેળવવા માટે લોકો જાતજાતના નુસખા અજમાવતા જોવા મળે છે. જીલ્લામાં બપોરે જાણે જનતા કરફ્યુ જેવી પરિસ્થિતિ સર્જાઈ છે. જીલ્લાના આંતરીક અને અંતરિયાળ ગામોમાં પણ આજ પરિસ્થિતિ સર્જાઈ છે. ગરમીના વધતા જતા પ્રમાણ સામે રક્ષણ મેળવવા માટે ગ્રામજનો નીતનવી તરકીબો અજમાવતા જોવા મળે છે. ગરમીના વધી રહેલા પ્રમાણના લીધે સનસ્ટ્રોક ઉપરાંત ઝાડા ઉલ્ટીના દર્દીઓની સંખ્યામાં પણ વધારો નોંધાયો છે.

### વડતાલધામમાં 'મધર્સ ડે' પર માતૃ-પિતૃ વંદના કરાઇ





વડતાલ સ્વામિનારાયણ મંદિર ખાતે ચાર દિવસીય 'સહજાનંદી બાળ યુવા શિબિર-10' નો ભવ્ય સમાપન થયો હતો. આ શિબિરના અંતિમ દિવસે 'મધર્સ ડે' હોવાથી 100થી વધુ બાળકોએ શાસ્ત્રોક્ત વિધિ અને શિક્ષાપત્રીની આજ્ઞા મુજબ પોતાના માતા-પિતાનું પૂજન કરી ચરણ સ્પર્શ કર્યા હતાં. આ દરમિયાન શિબિરમાં અત્યંત ભાવુક દ્રશ્યો સર્જાયા હતા, જેમાં બાળકોનો આદર જોઈ માતા-પિતા ભાવવિભોર થઈ ગયા હતાં. સાંસ્કૃતિક કાર્યક્રમમાં 8 વર્ષીય રુદ્ર શર્માના એકપાત્રીય અભિનય અને રાજકોટના બાળકોના સંગીત પ્રસ્તુતિએ સૌના મન જીતી લીધા હતા. આ પ્રસંગે મુખ્ય કોઠારી દેવપ્રકાશ સ્વામી અને ચેરમેન ડો. સંતવલ્લભદાસજી સ્વામીએ બાળકોને પ્રોત્સાહિત કરી આગામી વર્ષની ગ્રીષ્મ શિબિર માટે નિમંત્રણ પાઠવ્યું હતું. આ શિબિરમાં ભાગ લેનારા બાળકનું શ્યામવલ્લભ સ્વામી દ્વારા પુષ્પમાળા પહેરાવીને અભિવાદન કરવામાં આવ્યું હતું.

## આણંદના ગામડીમાં નજીવી બાબતે ચાર શખ્સોનો હુમલો

**ફોન પર** થયેલી વાતચીતની અદાવત રાખી લાકડીઓ વડે હુમલો કર્યો

(પ્રતિનિધિ) આણંદ તા.11

આણંદ શહેરના ગામડી વિસ્તારમાં નગીના મસ્જિદ પાસે રહેતા એક પરિવાર પર ચાર શખ્સોએ લાકડીઓ વડે હુમલો કર્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ હુમલામાં એક મહિલાને પગમાં ગંભીર ઈજાઓ પહોંચતા તેને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી છે.

આ ઘટનામાં ફરિયાદી કુતબુદ્દીન ગુલામરસુલ સિદ્દીકીના જણાવ્યા અનુસાર, તેમના ભત્રીજા બાબતે ફોન પર થયેલી વાતચીતની અદાવત રાખીને આ હુમલો કરવામાં આવ્યો હતો. અફઝલ ઉર્ફે બાદશાહ અજરભાઈ શેખ, દિલશાદગન ઉર્ફે બચ્ચાભાઈ શેખ, સુફિયાન પરવેઝભાઈ શેખ અને આદિલ દિલશાદગન ઉર્ફે બચ્ચાભાઈ શેખ લાકડીઓ સાથે ફરિયાદીના ઘર પાસે આવી પહોંચ્યા હતા. તેઓએ જાહેર રોડ પર બિભત્સ ગાળો બોલી ઝઘડો કર્યો હતો અને ઉશ્કેરાઈને લાકડીઓ વડે હુમલો કર્યો હતો.

આ હુમલામાં કુતબુદ્દીનના બહેન શકીલાબાનુને જમણા પગે ગંભીર ઈજા થતા ફેક્ચર થયું હતું, જ્યારે અન્ય એક વ્યક્તિ મહેન્દ્ર રાણાને માથાના ભાગે ઈજાઓ પહોંચી હતી. બાદમાં આરોપીઓએ જતી વખતે ફરિયાદીના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ મામલે આણંદ ટાઉન પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### ભીષણ આગ વચ્ચે ઓઈલ ટેન્કરો ખાલી હોવાથી મોટો બ્લાસ્ટ થતા રહી ગયો

# ખેડાના કાશીપુરા ONGC પ્લાન્ટમાં ભીષણ આગ: મોટી હોનારત ટળી

**બાજુમાં આવેલી** કેમિકલ ફેક્ટરી પરનું જોખમ પણ ટળ્યું

(પ્રતિનિધિ) નડિયાદ તા.11

ખેડા તાલુકાના મલારપુરા અને કાશીપુરા વચ્ચે આવેલા ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC)ના પ્લાન્ટમાં સોમવારે અચાનક વિકરાળ આગ ફાટી નીકળતા દોડધામ મચી ગઈ હતી. જોકે, ફાયર બ્રિગેડની ટીમે સમયસર પહોંચી આગ પર કાબૂ મેળવતા એક મોટી દુર્ઘટના નિવારી શકાઈ છે.



ખેડાના કાશીપુરા ONGC પ્લાન્ટના એક ચોક્કસ વિભાગમાં લાગેલી આગે જોતજોતામાં રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું, જેના ધુમાડાના ગોટા આકાશમાં દૂર-દૂર સુધી જોઈ શકાતા હતા. આ ઘટનાને પગલે સ્થાનિકો અને પ્લાન્ટના કર્મચારીઓમાં ભારે ફફડાટ ફેલાયો હતો. આ ઘટનાની ગંભીરતાને જોતા નવાગામ ફાયર સ્ટેશનની 2 ગાડીઓ અને 112ની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ફાયર ફાઈટરોએ ભારે જહેમત બાદ સતત પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી..

આ દુર્ઘટનામાં સૌથી રાહતની વાત એ રહી કે પ્લાન્ટમાં પાર્ક કરેલા બે ઓઈલ ટેન્કરો ખાલી હતા. જો આ ટેન્કરોમાં જ્વલનશીલ પદાર્થ હોત તો મોટો બ્લાસ્ટ થવાની અને તેની સીધી અસર બાજુમાં જ આવેલી કેમિકલ ફેક્ટરી પર પડવાની પૂરેપૂરી શક્યતા હતી. ફાયર વિભાગની ત્વરિત કામગીરીને કારણે આગને પ્લાન્ટના મર્યાદિત હિસ્સા સુધી જ રોકી રાખવામાં સફળતા મળી હતી.

આ આગ કયા કારણોસર લાગી ? તે હજુ સ્પષ્ટ થયું નથી, પરંતુ પ્રાથમિક અંદાજ મુજબ શોર્ટ સર્કિટ અથવા કોઈ ટેકનિકલ ખામી જવાબદાર હોઈ શકે છે. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

## તારાપુરમાં બંધ મકાનમાંથી રૂ.82 હજારની મતા ચોરાઈ

**તસ્કરોએ** એકસાથે ત્રણ મકાનોના તાળા તોડી તરખાટ મચાવ્યો

(પ્રતિનિધિ) તારાપુર તા.11

તારાપુરની કૃષ્ણનગર સોસાયટીમાં રહેતા એક વેપારીના બંધ મકાનને નિશાન બનાવી અજાણ્યા તસ્કરો દરવાજાનો નકુચો તોડી ઘરમાં પ્રવેશ્યા હતા. આ તસ્કરો ઘરમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ રૂ. 82 હજારની મત્તા ચોરી કરી ગયાં હતાં.

તારાપુરની કૃષ્ણનગર સોસાયટીમાં રહેતા અને અનાજનો વ્યવસાય કરતા 63 વર્ષીય વિનોદચંદ્ર માણેકલાલ ઠક્કર ગત 23મી એપ્રિલ,2026ના રોજ પરિવાર સાથે આણંદ ખાતે પ્રસંગમાં ગયા હતા. આ દરમિયાન તેમના બંધ મકાનનો લાભ ઉઠાવી અજાણ્યા તસ્કરોએ ઘરના દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશ કર્યો હતો. આ સમયે તસ્કરોએ ઘરના મંદિરમાં રાખેલા સોનાનું ગલેટ ચડાવેલા ચાંદીના દાગીના, સોનાની ચુનીઓ તથા બુટ્ટી, લેડીઝ ઘડિયાળ અને ચાંદીની વીંટી તેમજ અંદાજે રૂ. 35 હજારની રોકડ રકમ મળી કુલ રૂ. 82 હજારની ચોરી કરી હતી.

વધુમાં જાણવા મળ્યા મુજબ, તસ્કરોએ માત્ર વિનોદચંદ્રના ઘરે જ નહીં, પરંતુ પડોશમાં રહેતા નાઝીરમિયા મિયાંસાબ કુરેશી અને રાજુભાઈ ચંદ્રદાસ મહેશ્વરીના મકાનોના તાળા પણ તોડી ચોરીનો પ્રયાસ કર્યો હતો. જ્યારે પરત આવ્યા ત્યારે આ ચોરીની જાણ થઈ હતી. આ અંગે તારાપુર પોલીસે અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### આણંદના અક્ષરફાર્મમાં યોગીજી મહારાજના 134મા પ્રાગટ્ય પર્વે 'યોગી પર્વ'નો પ્રારંભ

**આણંદ |** બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના જન્મોત્સવ નિમિત્તે અક્ષરફાર્મમાં 14મી મે સુધી પાંચ દિવસીય 'યોગી પર્વ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વક્તા પૂજ્ય સોમપ્રકાશદાસ સ્વામી સંગીતમય શૈલીમાં કથામૃતનો લાભ આપી રહ્યા છે, જેમાં પ્રથમ દિવસે મોટી સંખ્યામાં હરિભક્તો જોડાયા હતાં. પ્રથમ દિવસે યોગીજી મહારાજના દિવ્ય ગુણોનું ગાન કરી સૌ ભાવિકોને પ્રખ્યાત 'ઝાલમુલી'નો પ્રસાદ પીરસવામાં આવ્યો હતો. આ મહોત્સવમાં 13મી મેના રોજ કીર્તન આરાધના અને 14મી મેના રોજ પૂર્ણાહુતિ સાથે મહાપ્રસાદનું સુંદર આયોજન કરાયું છે.



### સંતરામપુરના નાની ખરસોલીમાં સોળ ગામ વણકર સમાજ યુવા સંગઠનની બેઠક યોજાઇ

**સંતરામપુર |** નાની ખરસોલી ખાતે સરપંચ વિપુલભાઈ વણકરના નિવાસસ્થાને સોળ ગામ વણકર સમાજ યુવા સંગઠનની અગત્યની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં પ્રમુખ ડો. નિલિય કરબાતીએ સમાજને કુરિવાજોમાંથી મુક્ત કરી શિક્ષણ અને કાયદાકીય જાગૃતિ દ્વારા પ્રગતિના પંથે લઈ જવા આહવાન કર્યું હતું. યુવાનો દ્વારા શિક્ષણ, વ્યસનમુક્તિ અને લગ્ન પ્રસંગોમાં થતા બિનજરૂરી ખર્ચ ઘટાડવા જેવી સામાજિક બાબતો પર વિસ્તૃત રણનીતિ ઘડવામાં આવી હતી. આ પ્રસંગે સંગઠનના વિવિધ હોદ્દેદારો અને ગ્રામજનોની મોટી સંખ્યામાં ઉપસ્થિતિ રહ્યાં હતાં.



ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### ચારુસેટ યુનિવર્સિટી ખાતે સંશોધન ક્ષેત્રે નૈતિકતા અને નિયમો વિશે વર્કશોપ સંપન્ન

**આણંદ |** ચાંગા સ્થિત ચારુસેટ યુનિવર્સિટીની ઈન્સ્ટીટ્યુશનલ એથિક્સ કમિટી દ્વારા 'બ્રીજીંગ એથિક્સ, રેગ્યુલેશન એન્ડ પ્રેક્ટીસ' પર આયોજિત એક દિવસીય વર્કશોપમાં 80 થી વધુ સંશોધકો અને નિષ્ણાતો ઉપસ્થિત રહ્યા હતા. આ વર્કશોપમાં ક્લિનિકલ ટ્રાયલના આંતરરાષ્ટ્રીય ધોરણો, ICMR માર્ગદર્શિકા અને સંશોધન દરમિયાન નૈતિક સિદ્ધાંતોના પાલન અંગે નિષ્ણાતો દ્વારા સઘન માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન ડિજિટલ હેલ્થ, આયુષ અને સામુદાયિક આરોગ્ય સંશોધનમાં આવતા નૈતિક પડકારો અને વર્તમાન કાયદાકીય નિયમો વિશે પ્રતિનિધિઓને ઊંડાણપૂર્વક માહિતગાર કર્યા હતા. ડો. અનિલ શર્મા સહિતના મહાનુભાવોની હાજરીમાં આ કાર્યક્રમ યોજાયો હતો.



### મહીસાગર જિલ્લામાં ચોમાસા પૂર્વેની તૈયારીઓ માટે કલેક્ટરના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઇ

**લુણાવાડા |** આગામી ચોમાસામાં પૂર કે ભારે વરસાદ જેવી કુદરતી આપત્તિઓ સામે નાગરિકોના રક્ષણ માટે મહીસાગર જિલ્લા વહીવટી તંત્ર સંપૂર્ણ સજ્જ બન્યું છે. કલેક્ટર અર્પિત સાગરે તમામ સંલગ્ન વિભાગોને યુદ્ધના ધોરણે કામગીરી પૂર્ણ કરી પરસ્પર સુદ્રઢ સંકલન જાળવવા કડક સૂચનાઓ આપી છે. આ જિલ્લામાં નદી-નાળાંની સફાઈ, નીચાણવાળા વિસ્તારોની ઓળખ અને 24 X 7 ડિઝાસ્ટર કંટ્રોલ રૂમ કાર્યરત કરી સંદેશાવ્યવહાર અકબંધ રાખવા જણાવાયું છે. જર્જરિત ઈમારતો અને ભયજનક વૃક્ષો સામે તાકીદે કાર્યવાહી કરી કોઈપણ પ્રકારની જાનહાનિ ન થાય તે જોવાની પ્રાથમિક જવાબદારી સોંપવામાં આવી છે.




### આણંદની ચરોતર એજ્યુકેશન સોસાયટી વિદ્યાર્થિનીએ ગેસ કંટ્રોલિંગ મીટરની પેટન્ટ મેળવી

**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત સ. વ. પટેલ ઉચ્ચ પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીએ વિજ્ઞાન ક્ષેત્રે ઝળહળતી સિદ્ધિ મેળવી છે. "IP CELL" પ્રોજેક્ટ હેઠળ જાનવીએ 'ગેસ યુસેજ કંટ્રોલિંગ મીટર ડિવાઈસ' નામનું નવતર ઉપકરણ તૈયાર કર્યું છે. આ વિશેષ સંશોધનની સફળતાપૂર્વક પેટન્ટ રજીસ્ટર થતા શાળા પરિવાર અને સમગ્ર ચરોતર પંથકનું ગૌરવ વધ્યું છે. નાની વયે આ ટેકનિકલ સિદ્ધિ બદલ સંસ્થા દ્વારા જાનવીની અસાધારણ પ્રતિભાને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.



### આણંદની કસ્તુરબા કન્યા વિદ્યાલયમાં વાર્ષિક મહોત્સવની ભવ્ય ઉજવણી કરાઇ

**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત કસ્તુરબા કન્યા વિદ્યાલયમાં દીપ પ્રાગટ્ય દ્વારા વાર્ષિક મહોત્સવનો ઉત્સાહભેર પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે વિદ્યાર્થિનીઓએ ગણેશ વંદના, આદિવાસી નૃત્ય, ભરતનાટ્યમ અને લગ્નગીતો જેવી વિવિધ મનમોહક સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી. આ કાર્યક્રમમાં સોશિયલ મીડિયાના પ્રભાવ અને 'ઓપરેશન સિંદૂર' જેવા વિષયો પરના નાટકો દ્વારા દીકરીઓએ સચોટ સામાજિક સંદેશ પૂરો પાડ્યો હતો. આ પ્રસંગે સંસ્થાના મંત્રી કેતનભાઈ પટેલ અને કેમ્પસ ડાયરેક્ટર મહેશભાઇ પટેલે કાર્યક્રમની સફળતા બદલ વિદ્યાર્થિનીઓ અને શાળા પરિવારને અભિનંદન પાઠવ્યા હતાં.



### કરમસદની શાળામાં 35 દિવસીય 'વિદ્યાપથ પ્રોજેક્ટ'નો પ્રારંભ કરવામાં આવ્યો

**આણંદ |** કરમસદની પીએમ સજના તલાવડી પ્રાથમિક શાળામાં વેકેશન દરમિયાન શિક્ષણની ગુણવત્તા સુધારવા 35 દિવસના 'વિદ્યાપથ પ્રોજેક્ટ'નું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડો. અર્ચનાબેન પ્રજાપતિએ આ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરી શાળાઓને પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાનની કચાશથી મુક્ત કરવા આહવાન કર્યું હતું. 'નિપુણ ભારત' મિશન અંતર્ગત વર્ષ 2026-27 સુધીમાં ધોરણ 3ના તમામ બાળકો વાંચન, લેખન અને ગણિતમાં સક્ષમ બને તે આ પ્રોજેક્ટનો મુખ્ય લક્ષ્યાંક છે. આ પ્રસંગે 'સ્કિલ યુનિવર્સિટી' અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલી વિવિધ કલા-કૃતિઓનું પ્રદર્શન યોજાયું હતું, જેને મહાનુભાવોએ બિરદાવ્યું હતું.



### વડતાલધામમાં કચ્છી રાબડીયા પરિવાર દ્વારા શ્રીમદ્ સત્સંગી જીવન કથાનો મંગલ પ્રારંભ



**આણંદ |** સ્વામિનારાયણ સંપ્રદાયની રાજધાની વડતાલધામમાં અ.નિ. જશુબેન દેવશીભાઈ રાબડીયાના મોક્ષાર્થે કચ્છના રાબડીયા પરિવાર દ્વારા 11મી મેથી 15મી મે દરમિયાન પંચદિનાત્મક સત્સંગી જીવન કથાનું આયોજન કરાયું છે. વડતાલના ચેરમેન ડો. સંતવલ્લભદાસજી સ્વામી, મુખ્ય કોઠારી દેવપ્રકાશ સ્વામી અને નૌત્તમ સ્વામી સહિતના સંતોના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કથાનો શુભારંભ કરાયો હતો. ઉમરેઠના શાસ્ત્રી હરિગુણદાસજી સ્વામી વક્તાપદે બિરાજી કથામૃતનું પાન કરાવી રહ્યા છે, જેમાં નૌત્તમ સ્વામીએ વડતાલ ધામના મહિમાની છણાવટ કરી હતી.

### ખેડા જિલ્લાના ગળતેશ્વરના મહી ઈટાડી ગામે પ્રાકૃતિક ખેતી જાગૃતિ શિબિર યોજાઈ



**નડિયાદ |** ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ દ્વારા ખેડા જિલ્લાના મહી ઈટાડી ખાતે ખેડૂતો અને પશુપાલકો માટે વિશેષ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં દેશી ગાય આધારિત ખેતીના પાંચ આયામો સહિત જીવામૃત અને ઘન જીવામૃત બનાવવાની પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવી હતી. તાલુકા પ્રોજેક્ટ મેનેજર હેરાજ પટેલે રાસાયણિક ખેતી છોડી ઓછા ખર્ચે પ્રાકૃતિક ખેતી કરવાના ફાયદાઓ વિશે ખેડૂતોને માર્ગદર્શન આપ્યું હતું. આ તાલીમમાં મોટી સંખ્યામાં ગ્રામજનો, કૃષિ સખી અને ક્લસ્ટર કોમ્યુનિટી રિસોર્સ પર્સન ઉપસ્થિત રહી પ્રાકૃતિક કૃષિના પાઠ શીખ્યાં હતાં.

### દિવ્યાંગ બાળકો માટે આત્મનિર્ભરતાનો મંત્ર: સક્ષમ ફ્રી સમર કેમ્પ સંપન્ન થયો

**નડિયાદ |** સક્ષમ ગુજરાત અને સેવા ભારતી દ્વારા નડિયાદમાં 40થી વધુ દિવ્યાંગ બાળકો માટે વિશેષ ટ્રેનિંગ અને મફત સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં નિષ્ણાતો દ્વારા વોકેશનલ ટ્રેનિંગ, યોગ, આર્ટ એન્ડ ક્રાફ્ટ અને સંસ્કૃત શ્લોક પઠન જેવી પ્રવૃત્તિઓ દ્વારા બાળકોને આત્મનિર્ભર બનાવવાનો પ્રયાસ કરાયો હતો. સમાપન સમારોહમાં બાળકોએ પોતાની કલાનું અદ્ભુત નિદર્શન કર્યું, જેમાં પ્રફુલભાઈ પટેલ અને અન્ય મહાનુભાવોએ ઉપસ્થિત રહી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. સંત રામેશ્વરદાસજી મહારાજે દિવ્યાંગોને પ્રભુની દેન ગણાવ્યા હતાં.



### નડિયાદમાં પોલીસ કલ્યાણ અર્થે જિલ્લાના ચોથા અમૂલ પાર્લરનો પ્રારંભ કરાયો

**નડિયાદ |** ખેડા જિલ્લા પોલીસ દ્વારા નડિયાદ પોલીસ લાઈન ખાતે પોલીસ પરિવારો અને નાગરિકો માટે નવીન અમૂલ પાર્લરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. જિલ્લા પોલીસ વડા વિજય પટેલની હાજરીમાં શરૂ થયેલું આ ચોથું પાર્લર પોલીસ લાઈનના 96 પરિવારોને ઘર આંગણે સુવિધા આપશે. અમૂલની વિવિધ પ્રોડક્ટ્સ અને ફૂડ આઈટમ્સ સાથે કાર્યરત આ પાર્લરનો લાભ પોલીસ પરિવાર સાથે સ્થાનિક રહીશોને પણ મળશે. ખેડા, લીંબાસી અને કપડવંજ બાદ હવે આગામી સમયમાં મહેમદાવાદ ખાતે પણ આવી જ સુવિધા શરૂ કરવાનું પોલીસનું આયોજન છે.

